# પ્રાંતિજ ત્રણ રસ્તાથી રેલ્વે સ્ટેશન રોડ ઉપર પેવર પટ્ટાનું કામ હાથ ધરવામાં આવ્યુ

**પેવર પટ્ટા ની કામ હાથ ધરાતા વાહન ચાલકો તથા નગરજનો મા ખુશી : માર્ગ મકાન વિભાગ મંત્રી પૂર્ણેશ મોદી સુચના અનુસાર રોડનું પેવર પટ્ટાનું કામ હાથ ધર્યુ : રોડ ઉપર પેવર મશીન રોલર દ્વારા પેવર પટ્ટાની કામગીરી હાથ ધરાઈ**




પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ત્રણ રસ્તાથી પ્રાંતિજ રેલ્વે સ્ટેશન સુધીના એપ્રોચરોડ ઉપર પડી ગયેલ ખાડાઓને લઈને રોડનુ સમારકામ પેવર રોલર મશીન દ્વારા પેવર પટ્ટાની કામગીરી હાથ ધરવામા આવ્યુ.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર ના માર્ગ મકાન મંત્રી પૂર્ણેશ મોદી દ્વારા તૂટી ગયેલા ખરાબ રોડ રસ્તાઓની વોટસોપ નંબર દ્વારા ફરિયાદોનો અપીલ ના પગલે રાજય મા ૧લી ઓક્ટોબરથી રાજય ભરના આવા માર્ગોનુ સુધારણ અભિયાન આદર્યું છે જેના ભાગરૂપે સાબરકાંઠા જિલ્લાના માર્ગ અને મકાન દ્વારા માર્ગ સુધારણા ની કામગીરી હાથ ધરવામા આવી છે જેને લઈને માર્ગ મકાન પેટા વિભાગ હિંમતનગર દ્વારા પ્રાંતિજ ખાતે માર્ગ મકાન પેટા વિભાગ ના એન્જીનીયર જે.એન.સોનાગરા ના સુપર વિઝન હેઠળ પ્રાંતિજ ત્રણ રસ્તા થી રેલ્વે સ્ટેશન સુધી નો એપ્રોચરોડ ઉપર પેવર મશીન રોલર દ્વારા પેવર પટ્ટા ની કામગીરી હાથ ધરવામા આવી હતી.

# નવ નિર્માણ પામી રહેલ જિલ્લા ભાજપ કાર્યાલય માટે મેઘરજ ભાજપ દ્વારા પાંચ લાખ એકઠા કરાયા

**જિલ્લા સંઘઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલની હાજરીમાં દાનની સરવણી વહી**



## કાર્યકર્તાઓ તેમજ તાલુકાનો ખુબ ખુબ આભાર: ભૂપતસિંહ ચૌહાણ સંગઠન પ્રમુખ


મેઘરજ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ ભૂપતસિંહ ચૌહાણએ જણાવ્યું હતું કે મોડાસા ખાતે બની રહેલ નવા કાર્યાલય માટે પાર્ટીના કાર્યકર્તાઓ ફૂલ નહિ તો ફૂલની પાંખડી આપી સહભાગી થવા ઈચ્છતા હતા. જેને લઈ આજે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલની હાજરીમાં મળ્યા હતા. હાજર રહેલા માત્ર ૪૦ જેટલા કાર્યકર્તાઓમાંથી સ્વૈચ્છિક પાંચ લાખ કરતાં વધારે રકમ એકઠી થઈ ગઈ હતી અને હજુ પણ રહી ગયેલ કાર્યકર્તાઓ તેમજ તાલુકાના આગેવાનો પોતાનો ફાળો આપવા માટે ઉત્સાહી છે. ત્યારે પ્રજાની ભાજપ સાથેની લાગણીની પ્રશંસા કરી તમામનો આભાર માન્યો હતો.

મેઘરજ તા. ૯

શનિવારના રોજ બપોરના સમયે મેઘરજ માર્કેટયાર્ડ ખાતે ભાજપના કાર્યકર્તાઓ એકઠા થયા હતા જેમાં અરવલ્લી જિલ્લા સંગઠન પ્રમુખશ્રી રાજેન્દ્ર પટેલ હાજર રહ્યા હતા. જિલ્લાના વડા મથક મોડાસા ખાતે નવ નિર્માણ પામી રહેલ ભાજપ કાર્યાલય માટે કાર્યકર્તાઓએ સ્વૈચ્છિક ફાળો લખાવાનું ચાલુ કર્યું હતું. અને જોત જોતામાં બેઠેલા માત્ર ૪૦ જેટલાં કાર્યકર્તાઓમાંથી જ પાંચ લાખ કરતાં વધુ રકમ એકઠી થઇ ગઈ હતી.જેમાં સંગઠન મહામંત્રી ભીખાજી ડામોર, પૂર્વ ધારાસભ્ય હીરાજી ડામોર, પૂર્વ પ્રમુખ ટી વી વણજારા,મહામંત્રી મહેશ ઉપાધ્યાય સહીત આગેવાનો હાજર રહ્યા હતા.

**ઊંઝા ખાતે પ્રવાસન નિગમ દ્વારા મહાઆરતીનું આયોજન**

# ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે : ઋષિકેશભાઈ પટેલ




મહેસાણા, તા. ૯

પ્રવાસન નિગમ દ્વારા ઉંઝા ખાતે આયોજીત મહા આરતી મહોત્સવમાં આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે ગુજરાતે પ્રવાસન ક્ષેત્રે આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.પ્રવાસન નિગમ દ્વારા ૦૭ ઓક્ટોબરથી ૧૪ ઓક્ટોબર દરમિયાન રાજ્યના વિવિધ ધાર્મિક ક્ષેત્રોમાં મહાઆરતીનું આયોજન કરાયું છે જેનાથી પ્રવાસન ક્ષેત્રને વેગ મળનાર છે. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે નવરાત્રીના પવિત્ર દિવસોમાં આયોજીત મહા આરતીથી વાતાવરણ ભક્તિમય બન્યુ છે. મંત્રીશ્રીએ નવરાત્રીના આ પવિત્ર પ્રસગે રાજયના નાગરિકોને શુભેચ્છા પાઠવી તેમના તંદુરસ્ત આરોગ્ય માટે માતાજીને પ્રાર્થના કરી હતી.

ઊંઝામાં નવરાત્રી મહોત્સવની ઉજવણી પ્રવાસન વિભાગ દ્વારા મહા આરતીના આયોજનથી કરાઇ હતી. આ કાર્યક્રમમાં ભાઈ ભાઈ ફેઈમ કલાકાર અરવિંદ વેગડા સહિત ખ્યાતનામ કલાકારોના તાલે લોકો ગરબે ઝૂમ્યા હતા. આ ઉપરાંત ઉંઝા ખાતે આયોજીત મહા આરતીના દર્શન કરી નાગરિકો મુગ્ધ થયા હતા. આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે ઉંઝા ઉમિયા માતાજીના નવરાત્રી મહોત્સવમાં ઉપસ્થિત રહી મા ઉમિયાની આરતી કરી હતી. પ્રવાસન નિગમ દ્વારા ઉંઝા ખાતે આયોજીત કાર્યક્રમમાં ધારાસભ્ય સર્વેશ્રી ડો આશાબેન પટેલ, કરશનભાઈ સોલંકી,જિલ્લા કલેકટર ઉદિત અગ્રવાલ,જિલ્લા પોલીસ અધિક્ષક ડો પાર્થરાજસિંહ ગોહિલ, અગ્રણી જશુભાઈ પટેલ, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન હરીભાઇ, ઉંઝા એ. પી. એમ. સી ચેરમેન દિનેશભાઈ, પ્રવાસન નિગમના અધિકારીઓ સહિત પદાધિકારીઓ તેમજ માઈભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

## દુ:ખદ અવસાન



મોડાસા તાલુકાના સાયરા ગામના મહેન્દ્રભાઈ પટેલ (પ્રમુખ, ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ), વસંતભાઈ પટેલના પિતા અને વિમલભાઈ પટેલના દાદા પૂનમભાઈ ગોબટભાઈ પટેલનું નિધન થયું છે. સદ્ગતનું બેસણું આજે રવિવાર તા. ૧૦ ઓકટોબરના રોજ સવારે ૧૦.૦૦ થી ૨.૦૦, કુમકુમ પાર્ટી પ્લોટ, મેઘરજ રોડ, મોડાસા ખાતે રાખેલ છે.

**અમીરગઢ તાલુકાના ડાભેલી પ્રા.સ્કૂલને તાળાબંધી કરાઈ**

# સ્કુલમાં શિક્ષકો વચ્ચેના ગજગ્રાહને લઈ શિક્ષણ સ્તર નીચું જતું હોવાની રાવ

પાલનપુર, તા. ૯

અમીરગઢ તાલુકાની ડાભેલી ગામની પ્રાથમિક શાળાને ગ્રામજનો ધ્વારા તાળાબંધી કરાઈ છે ગત રોજ સ્કૂલમા થી પરત ફરી રહેલ સાત વર્ષીય વિદ્યાર્થીનીનું અકસ્માત માં મોત નિપજતા શિક્ષકોની લાપરવાહી ને લઈ ગ્રામજનોમા આક્રોશ છવાયો છે આ શાળાના શિક્ષકોમા કેટલાય સમયથી ચાલતા વિવાદ લઈ ગ્રામજનોએ સમગ્ર સ્ટાફ બદલી નાખવાની માંગ કરી છે અમીરગઢ તાલુકાની ડાભેલી પ્રાથમિક શાળાને બુધવારે ગ્રામજનોએ તાળાબંધી કરી હતી છેલ્લા કેટલાય સમયથી શાળાના આચાર્ય સહીત શિક્ષકોમા વિખવાદ ચાલે છે શિક્ષકોના વિખવાદને લઈ બાળકોનું શિક્ષણ સ્તર ખૂબ જ નીચું ગયું છે જેને ગ્રામજનો ખફા થયા હતા અને શાળાને તાળાબંધી કરી



શાળાના સમગ્ર સ્ટાફ બદલી નાખવાની માંગ કરી હતી જ્યાર સુધી ગ્રામજનો ની માગણી નહીં સંતોષાય ત્યાં સુધી આ શાળાના તાળા નહિ ખોલવાની ગ્રામજનોની ઉચ્ચારી હતી જેને લઈ શિક્ષણ તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી જોકે કોરોના ને લઈ હાલ ધો, ૧ થી ૫ ના બાળકોને શેરી શિક્ષણ આપવાનું હોય છે જેમાં મહોલ્લા અથવા ફળિયામાં શિક્ષકો શિક્ષણ આપવાનું હોય છે પરંતુ ગઈકાલે બાળકોને શાળા ની નજીક બોલાવી અને શિક્ષકો શેરી શિક્ષણ આપતા હતા ત્યારે સામાન્ય શાળા છૂટવાનો સમય પાંચ વાગે છે પરંતુ શિક્ષકોએ અઢી વાગ્યે શાળાને છોડી દીધી ત્યારે રસ્તો ક્રોસ કરતી સમયે એક પહેલા ધોરણની બાળકી ડમ્પરની અડફેટે આવી અને મોતને ભેટી હતી જેમાં શાળાના શિક્ષકોની બેદરકારી સામે આવી હતી આ સમગ્ર મામલે ગ્રામજનોએ શાળાને તાળાબંધી કરી હતી

**શાળાના સ્ટાફની બદલી કરવાની માંગ કરાઈ**

ડાભેલી શાળાની વિદ્યાર્થીનીનું મોત અને શાળામાં શિક્ષકો ના વિખવાદને લઈને બાળકોના શિક્ષણનું સ્તર નીચે જતાં ગ્રામજનો રોષે ભરાયા હતા અને તા શાળાને તાળાબંધી કરી હતી જેમાં શાળાના સમગ્ર સ્ટાફને બદલી નાખવાની ઉગ્ર માંગ કરાઈ હતી.

**અરવલ્લી ડેન્ગ્યુગ્રસ્ત**

# ત્રણ ત્રણ કલેકટર બદલાયા છતાં સિવિલ હોસ્પીટલના ઠેકાણા નહીં..!

**લોકો મોંઘીદાટ સારવાર લેવા મજબુર**

મોડાસા,તા. ૯

અરવલ્લી જિલ્લામાં આરોગ્ય વ્યવસ્થા ખૂબ અભાવે દર્દીઓને હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે, મોંઘાભાવે તબીબી સારવારનો ખર્ચ ભોગવવો પડી રહ્યો છે, પણ વહીવટી તંત્રને પણ સિવિલના નિર્માણમાં કોઈ જ રસ ન હોય તેવું લાગી રહ્યું છે.જાણે જીલ્લામાં સિવિલ હોસ્પીટલનું સુરસુરિયું થઈ રહ્યું હોય તેવું લોકો માની રહ્યા છે

અરવલ્લી જિલ્લામાં જ્યારે આરોગ્યની કપરી પરિસ્થિતિ આવે ત્યારે આરોગ્ય વિભાગ પાસે કોઈ જ હથિયાર નથી કે જેનાથી બિમાર વ્યક્તિને બિમારીમાંથી આરોગ્ય વિભાગ બહાર કાઢી શકે. જિલ્લામાં સરકારી દવાખાનાઓ છે, પણ તેમાં પૂરતી સુવિધાઓ નથી, કેટલીકવાર દર્દીઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જાય તે ધરમના ધક્કા પણ ખાવા પડતા હોય છે, આવી સ્થિતિ વચ્ચે જિલ્લામાં ડેન્ગ્યુએ જાણે ઘર કર્યા હોય તેવું લાગી રહ્યું છે. ડેન્ગ્યુના કહેરને વચ્ચે આરોગ્ય વિભાગના અધિકારીઓ માત્ર કોરોનાની કામગીરીમાં જ રચ્યા-રચ્યા રહેતા હોય તેવું લાગી રહ્યું છે.

કોરોના જેવી પરિસ્થિતિએ જિલ્લામાં વિકટ પરિસ્થિતિ સર્જી હતી, તેમ છતાં આરોગ્ય વિભાગ ડેન્ગ્યુને પણ સહજતાથી લેતું હોય તેવું દ્રશ્યમાન થાય છે. જિલ્લાનું આરોગ્ય વિભાગ કોરોના કાળમાં ઓક્સિજન પર હતું ત્યારે હવે ડેન્ગ્યુમાં સપડાયું હોય તેમ લાગે છે. ડેન્ગ્યુને કાબૂમાં કરવાનો આરોગ્ય વિભાગ પાસે કોઈ જ માસ્ટર પ્લાન અથવા તો તેના ઉપચાર માટે કોઈ જ પગલા લીધા નથી માટે દર્દીઓએ ખાનગી હોસ્પિટલમાં જવાનો વારો આવે છે, અને લાખો રૂપિયાનો ખર્ચ ભોગવી રહ્યા છે.



### સિવિલની વાતો અભરાઈએ મુકી દેવાઈ....!!

અરવલ્લી જિલ્લાની રચના થયાને આઠ વર્ષ કરતા વધુનો સમય વીતિ ગયો પણ હજુ સુધી સિવિલના કાંઈ ઠેકાણા પડ્યા નથી. સમયાંતરે રાજકીય પાર્ટીઓ દ્વારા રાજકીય રોટલો શેકવા ધરણાં પ્રદર્શન કરીને થાકી ગયા હવે ડેન્ગ્યુએ માથુ ઊંચક્યું છે, તે હવે કોઈને જોવાતું નથી. આ વચ્ચે દર્દીઓએ અમદાવાદ સુધી લાંબા થવું પડે છે, અને કેટલીકવાર દર્દીઓએ જીવ ગુમાવવાનો પણ વારો આવ્યો છે, પણ આનાથી આરોગ્ય વિભાગ કે, વહીવટી તંત્રને કોઈ જ ફરક પડતો નથી, કારણ કે, મહિનો થાય એટલે તેમના બેંક ખાતામાં પગાર પડી જાય છે, બીજુ તેમને શું જોઈએ. જિલ્લા કલેક્ટર એ સ્વતંત્રતા પર્વના દિવસે સિવિલ હોસ્પિટલને લઈને કેટલીક જાહેરાત કરી હતી, પણ સિવિલનું કામકાજ ક્યારે શરૂ થશે તે યક્ષ પ્રશ્ન છે સ્વતંત્રતા પર્વ પૂર્ણ થવાને બે મહિના જેટલો સમય થવા આવ્યો છે ત્યારે હવે લોકો રાહ જોઈ રહ્યા છે કે, પ્રજાસત્તાક દિવસ આવે અને કલેક્ટર સિવિલને લઈને કંઈ નવું બોલે.

જ કથળી હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં કોરોનાએ કેટલાય લોકોનો જીવ લીધો પણ આરોગ્ય વિભાગ તેમામાં નાકામ રહ્યું પણ હવે જિલ્લામાં પાણી અને મચ્છર જન્ય રોગોનો ઉપદ્રવ વધ્યો છે,જોકે આરોગ્ય વિભાગના પેટનું પાણી જરાય હલતું ન હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં ડેન્ગ્યુના સરેરાશ પચાસથી વધારે કેસ નોંધાઈ રહ્યા છે, પણ તેનો યોગ્ય ઉપચાર કે, જાણકારીનો અભાવ લોકોમાં જોવા મળી રહ્યો છે.

આરોગ્ય વિભાગને માત્ર કાગળમાં આંકડા દર્શાવવમાં રસ છે, પણ ડેન્ગ્યુને નાથવા માટે જરાય સમય ન હોય તેવું પ્રજાજનો અહેસાસ અનુભવી રહ્યા છે. અરવલ્લી જિલ્લાને સાબરકાંઠામાંથી અલગ થયાને આજે આઠ વર્ષ કરતા વધુનો સમય થયો પણ સિવિલ હોસ્પિટલના

### સિવિલ કેમ જરૂરી છે ?

અરવલ્લી જિલ્લાનો જન્મ નહોતો થયો ત્યારથી જ જિલ્લો આરોગ્યની દ્રષ્ટીએ અવ્વલ હતો, મોડાસાને આરોગ્ય નગરી તરીકે પણ લોકો જાણે છે, કારણ કે, રાજસ્થાન તેમજ જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી દર્દીઓ મોડાસા ખાતે સારવાર માટે આવતા હોય છે. હાલ સિવિલ ન હોવાથી હિંમતનગર અથવા તો અમદાવાદ ખાતે સારવાર માટે દર્દીઓએ ધક્કા ખાવા પડી રહ્યા છે. જિલ્લાના અંતરિયાળ વિસ્તારના લોકો તેમજ મધ્યમવર્ગીય પરિવારો માટે સિવિલ એ આશીર્વાદરૂપ સાબિત થઈ શકે એમ છે.

### ત્રણ કલેક્ટર બદલાયા પણ સિવિલ ન આવી...??

અરવલ્લી જિલ્લામાં સિવિલની જમીન ફાળવવા માટે જે-તે સમયે એમ.નાગરાજને પ્રયાસો કર્યા હતા, ત્યારબાદ જમીન આવ્યા પછી તેનું કામ ઠેર ને ઠેર રહ્યું. ત્યારબાદ કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે પણ બે વર્ષ સુધી જિલ્લાના કલેક્ટર તરીકે ફરજ બજાવી, પણ સિવિલની પાયો ન ખોંદાયો, હવે ત્રીજા કલેક્ટર નરેન્દ્રકુમાર મીણા આવ્યા છે, ત્યારે ખાતમુહૂર્ત ક્યારે થાય છે, તે યક્ષ પ્રશ્ન છે.

# કાશ્મીરમાં બે શિક્ષકોની શાળામાં ઘૂસી હત્યાના કૃત્યને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે સખત શબ્દોમાં વખોડ્યુ

હિંમતનગર તા. ૯

૭મી ઓકટોબર, ૨૦૨૧ને ગુરૂવારે સવારે ૧૧:૧૫ કલાકે આતંકવાદીઓ સંગમ ઈદગાહ ખાતે આવેલી સરકારી કુમાર શાળામાં ઘૂસી ગયા હતા ત્યાં કરેલ ગોળીબારમાં અલોચી બાગ વિસ્તારમાં રહેતા શિક્ષક સુપિન્દર કૌર અને મૂળ જમ્મુના રહેવાસી શિક્ષક દીપકચંદ ના મોત થયા હતાં.

ભારત સરકાર દ્વારા જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો ખતમ કર્યા પછી કાશ્મીર ખીણમાં તાજેતરમાં જ 'ધ રેસિસ્ટન્સ ફોસ' ઊભરી આવી છે, આ જ સમયમાં જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદનો એક ખતરનાક ટ્રેન્ડ શરૂ થઈ રહ્યો છે, આતંકીઓ એ હવે મોટા હુમલા કરવાના બદલે નિશાન બનાવી ને નાગરિકો ની હત્યા કરવાનું શરૂ કર્યું છે. સમાજ નું ઘડતર કરી રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ કરી રહેલા શિક્ષકો ઉપર ના હુમલા ને રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય દ્વારા વખોડી કાઢવામાં આવે છે, અને જલ્દી આતંકવાદીઓને પકડી યોગ્ય કાર્યવાહી કરવા માંગણી કરે છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતના સૌ શિક્ષક પરિવારવતી મૃતક શિક્ષકોના આત્મા ને શાંતિ મળે તથા એમના પરિવાર જનોને દુઃખ સહન કરવાની શક્તિ આપે એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરે છે તથા આવા આતંકવાદી કૃત્યને સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

# પ્રાંતિજના અંબાવાડા પાસેથી જિલ્લા એલ.સી.બી એ વિદેશી દારૂ ઝડપી પાડયો

**કારમાં લઇ જવાતો ૨૫ પેટી વિદેશી દારૂ સહિત કુલ-૫,૩૮,૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો : બાતમીના આધારે ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ને ઝડપી પાડયો હતો : પાયલોટી કરી રહેલ આઇ-૨૦ કાર તથા વિદેશી દારૂ ભરેલ કારમાં સવાર બે ભાગી ગયા**

પ્રાંતિજ તા.૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના અંબાવાડા પાસેથી જિલ્લા એલસીબીએ બાતમી ના આધારે કાર નો પીછો કરી ૧,૩૮૦૦૦ નો વિદેશી દારૂ ઝડપી પાડયો.




જિલ્લા એલસીબી પોલીસ પ્રોહિબિશેન ને લગતા ગુનાઓને અંકુશ મા લેવા અને શોધી કાઢવા માટે જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગૂજર ની સુચના ને લઈ ને એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર એમ.ડી.ચંપાવત ના માર્ગદર્શન હેઠળ એલસીબી સ્ટાફ દ્વારા મોતીપુરા ખાતે હાજર હતો તે સમય દરમ્યાન બાતમી મળી કે એક છીંકણી કલરની રેનોલ્ટ કંપનીની ડસ્ટર ગાડી નંબર ય્નડ૦૬ઉૅંન્૧૯૦૪ ભિલોડા થી ગાંભોઈ થઈ રણાસણ ચોકડી થઈ નિકોડા થઈ અંદર ના રસ્તે ફતેપુર થઈ રામપુર ચોકડી તરફ ભારતીય બનાવટ નો ઈંગ્લીશ દારૂ ભરી આવે છે અને તેની આગળ પાયલોટીંગ મા સફેદ કલર ની નંબર વગરની આઈ-૨૦ ગાડીનો ચાલક કરે છે જેથી મોતીપુરા થી એલ.સી.બી હિંમતનગર પોલીસ ના જવાનો પ્રાંતિજ ના રાયપુરા ચોકડી ઉપર વોચ ગોઠવતા આઈ-૨૦ ગાડી આવતા તેની પાછળ છીંકણી કલરની રેનોલ્ટ કંપનીની ડસ્ટર ગાડી આવતા જેને બેટરી ના અજવાળે રજીસ્ટ્રેશન જોતા GJ0HL-1904 હોય પોલીસે ઈશારો કરતા ના ઉભી રાખી નાકા બંધી તોડી ગાડી ચાલક ભાગેલ તો એલસીબી હિંમતનગર દ્વારા કાર નો ફિલ્મી ઢબે પીછો કરી અંબાવાડા પાસે જતા પુલીયા પાસે થી વિદેશી દારૂ ભરેલ કાર ઝડપીપાડી હતી તો કાર ચાલક તથા કાર મા સવાર ઈસમ કાર મુકીને ત્યાંથી અંધારા નો લાભ લઈ ને ત્યાંથી ભાગી ગયા હતા તો પોલીસે ડસ્ટર મા તપાસ કરતા તેમાથી ૨૫ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો તો એલસીબીએ ૨૫ પેટી વિદેશી દારૂ જેની કિંમત-૧,૩૮૦૦૦ તથા ડસ્ટર ગાડીની કિંમત-૪,૦૦,૦૦૦ મળી કુલ ૫,૩૮,૦૦૦નો મુદામાલ ઝડપી પાડયો હતો અને પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે ડસ્ટર કારમાં સવાર ભાગી ગયેલ ચાલક સહિત ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથધરી હતી.